

**જુની રમતો પાછી આવી - વેકેશનમાં બાળકો ચક્કા રમતા નજરે પડ્યા**

શાળાઓમાં વેકેશન ચાલી રહ્યુ છે.તો કેટલાક બાળકો પરીવાર સાથે પ્રવાસે નિકળી ગયા છે.ત્યારે કેટલાક બાળકો જુની રમતો રમી આનંદ માણી રહ્યા છે.વર્ષો પહેલા લખોટી, ચક્કા, લંગડીની રમતો બાળકો રમતા હતા.પરંતુ છેલ્લા કેટલાક વર્ષેથી આ રમતો વિસરાઈ ગઈ હતી.પરંતુ આજના ટેકનોલોજી યુગમાં મોબાઈલોમાં જુની રમતોની કોમ્પ્યુટરના માધ્યમથી જુદી-જુદી રમતો તૈયાર કરવામાં આવી છે.પરંતુ બાળકો મોબાઈલની રમતોને ભૂલી એક વખત ફરી જુની રમતોમાંની એક રમત ચક્કાની રમત બાળકો રમી રહ્યા છે.જેમાં આ રમતમાં લાકડાના ચાર કટકા કરી ચાર બાળકો એક સાથે રમી શકે જેથી જેથી આ રમત ફરી બાળકો રમતા કેમેરામાં કેદ થયા હતા.

# અરવલ્લી જિલ્લામાં બટાકાના પોષણક્ષમ ભાવના અભાવે ૫૫ કરોડના બટાકા કોલ્ડ સ્ટોરેજમાં

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં કેટલાક વર્ષોથી ખેડૂતો પરંપરાગત ખેતી છોડી અવનવી ખેતીમાં નસીબ





અજમાવી રહ્યા છે. જીલ્લાના ખેડૂતો બટાકા, તરબૂચ, સક્કરટેટી અને દાડમની ખેતી કરી મબલખ ઉત્પાદન મેળવી નફો રળી રહ્યા છે. બટાકાની ખેતી કરનાર ખેડૂતોને છેલ્લા બે વર્ષથી બટાકાના પૂરતા ભાવ ન મળતા ખેડૂતોની હાલત કફોડી બની છે. વધુ ભાવ મેળવવા ખેડૂતોએ બટાકા કોલ્ડ સ્ટોરેજમાં મુકતા જીલ્લાના કોલ્ડ સ્ટોરેજ ઉભરાઈ રહ્યા છે. ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવા માટે પ્રતિ મણે ૫૦ રૂ. થી વધુ ખર્ચ છતાં પણ હોલસેલમાં ભાવ પૂરતા ન મળતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉત્પાદન થતાં બટાકા મોટા ભાગે પ્રોસેસિંગ એટલે કે, ચિપ્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે જો કે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે બટાકાનો ભાવ પ્રતિ કિલોએ ૧૩ રૂપિયાની આસપાસ છે, જયારે ગતવર્ષે બટાકાનો ભાવ ૧૭ રૂપિયાની આસપાસ હતો ગતવર્ષની સરખામણીએ પાંચ થી સાત રૂપિયા ભાવ ઓછો હોવાથી કોલ્ડ સ્ટોરેજ હાઉસફૂલ થયા છે. પ્રતિકિલોએ કોલ્ડ સ્ટોરેજનો ભાવ ત્રણથી ચાર રૂપિયા થતો હોવાથી ખેડૂતોને હાલ મૂળ ઉત્પાદનના ભાવ કરતા પણ ઓછા ભાવ મળતા ખેડૂતો બટાકાના ભાવ ઊંચકાય તોજ ખર્ચ પરવડી શકે તેમ છે. ગત વર્ષે ૬૪ લાખ કટ્ટા જેટલો બટાકાનો માલ કોલ્ડ સ્ટોરેજમાં હતો, જે આ વર્ષે ઉત્પાદન વધતાં બટાકાના કુલ ૭૪ લાખ કટ્ટા કોલ્ડ સ્ટોરેજમાં ખેડૂતોએ સંગ્રહિત કર્યા છે. ચાલુ વર્ષે બટાકાનું ઉત્પાદન તો વધ્યું છે, પણ પૂરતો ભાવ ન મળતા આ વર્ષે કરોડો રૂપિયાના બટાકા કોલ્ડ સ્ટોરેજમાં સ્ટોરમાં પડી રહ્યા છે. બટાકા પકવતા ખેડૂતોએ ટ્રાન્સપોર્ટ સહિતની સુવિધાઓમાં સબસિડી આપવામાં આવેની માંગ કરી રહ્યા છે.

# શામળાજી નજીક અણસોલ ગામની સીમમાંથી વિદેશી દારૂ સાથે ૧.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત

શામળાજી, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાંથી બુટલેગરો દારૂ ઘુસાડવાના નવા





નવા પેંતરા અપનાવી રહ્યા છે. જોકે જિલ્લા પોલીસ સતત આવા બુટલેગરો પર બાજ નજર રાખી તેમના મનસૂબા પર પાણી ફેરવતું હોય તેવું લાગી રહ્યું છે. શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. વા. વ્યાસ અને તેમની ટીમ અણસોલ ગામ નજીક રતનપુર સીમમાં નાકાબંધીમાં હતી. આ અરસામાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. ત્યારે સેન્ટ્રો કારનું ચેકિંગ હાથ ધરતા સીટ પાસેના ગુપ્ત ખાનામાંથી પોલીસે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૬૮ નંગ જેની કિંમત ૫૦,૪૦૦ તેમજ હ્યુન્ડાઈ સેન્ટ્રો કાર નંબર ડીએલ. ૪સી.એસ.૧૫૮૨ જપ્ત કરી છે, જેની કિંમત ૧,૦૦,૦૦૦ છે. આ સાથે જ પોલિસે બે આરોપીઓ આશિષ જાટ, રહે હરિયાણા, વેદપાલ જાટ, રહે હરિયાણા તથા વૉન્ટેડ આરોપી અનિલ નામના આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર મામલે પોલીસે કુલ રૂ. ૧,૫૨,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સમગ્ર મામલે પોલીસે ૨ મોબાઈલ પણ કબજે કર્યા છે.

# પાલનપુરપંથકમાં વાવાઝોડા બાદ નુકશાનીનું સર્વે હાથ ધરાયું

**પાલનપુર તાલુકા પંચાયતની ટીમ કોટડા પહોંચી**

પાલનપુર

બનાસકાંઠામાં શનિવારે વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડતાં ગ્રામિણ વિસ્તારોમાં ખાના ખરાબી સર્જાવા પામી હતી. જ્યાં પાલનપુર



તાલુકા પંચાયતની ટીમ દ્વારા કોટડા સહિતના ગામોમાં નુકશાની નું સર્વે હાથ ધરવામાં આવ્યું હતું.

પાલનપુર પંથકમાં શનિવારે સાંજે વાતાવરણ પલટાયું હતું. જ્યાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડતાં ગ્રામિણ વિસ્તારોમાં મકાનોના છાપરા, પશુઓના શેડના પતરા ઉડી ગયા હતા. ખાસ કરીને ચિત્રાસણી તેમજ કોટડા વિસ્તારોમાં વાવાઝોડાએ વિનાશ વેર્યો હતો. જ્યાં પાલનપુર તાલુકા પંચાયતની ટીમ દ્વારા રવિવારે રજાના દિવસે પણ સર્વે હાથ ધરાયો હતો. ટીમના તાલુકા વિસ્તરણ અધિકારી ભીખુસિંહ, અ. મ.ઈ. રાઠોડ, મેઘનાબેન સહિત કર્મચારીઓ ગામડે ગામડે ફરી સર્વે કરી રહ્યા છે.

# વડગામ વન વિભાગની બેદરકારીથી મેપડાના આશાસ્પદ યુવકનું મોત

**પેપોળ નજીક રોડ વચ્ચે પડેલા ઝાડ સાથે મોડી રાત્રે બાઈક ટકરાતાં યુવકનું મોત નિપજ્યું**

વડગામ, તા. ૨૦

વડગામ પંથકમાં વન વિભાગની બેદરકારીના કારણે મેપડાના આશાસ્પદ યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ થતાં તેને વધુ સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવ્યો હોવા જાણવા મળેલ છે.

વડગામ પંથક મા શનિવારના બપોરના પછી અચાનક હવામાનમાં પલટો આવતાં ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. જેમાં છનિયાણાંમાં એક ઘર પર ઝાડ પડ્યું હતું. પેપોળ નજીક રોડ વચ્ચે બાવળનું એક મોટું ઝાડ ધરાશયી થયું હતું. જેના કારણે રસ્તો બંધ થઈ ગયો હતો અને અવરજવર કરતા વાહન ચાલકો પરેશાની ભોગવી રહ્યા હતા. પણ આ રોડ પર પડેલા ઝાડને ખસેડવાની ફુરસત ના તો વન વિભાગને મળી કે ના તો તંત્રને મળી જેના કારણે ઝાડ રોડ પર પડી રહ્યું હતું. રવિવારના મોડી રાતે મેપડાના અરૂણભાઈ લાખાભાઈ વાલ્મીકિ અને તેમની એક દેવી પુજક યુવક સાથે બાઈક ઉપર પેપોળ નજીકથી પસાર થઈ રહ્યા હતા તે સમયે રોડ વચ્ચે પડેલા ઝાડ સાથે બાઈક ટકરાઈ જતાં અકસ્માત સર્જાયો હતો જેમાં બંને યુવકને ઈજાઓ થતાં વડગામ સી.એચ.સી.મા લઈ જવાયા હતા. જેમાં વાલ્મીકિ યુવકને ડૉકટર દ્વારા મૃત જાહેર કરાયો હતો અને દેવી પુજક યુવકને વધુ સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવ્યો હતો.

આમ અચાનક ઝાડ સાથે ટકરાઈ અકસ્માત સર્જાતા મેપડાના અરૂણભાઈનુ મોત થયું હતું, જેનુ વડગામ સી.એસ.સી.માં પી.એમ. માટેની તજવીજ હાથ ધરાઈ હતી. આ યુવકના મોતથી વડગામ પંથકમાં વડગામ વન વિભાગના કર્મીઓ સામે લોકોએ રોષ પ્રગટ કર્યો હતો અને લોકોમાં એવી ચર્ચાઓ સાંભળવા મળી હતી કે ચોમાસા પહેલાં વન વિભાગ દ્વારા રોડની સાઈડમાં ઉભેલા ઝાડોનુ કટીંગ કરવાનું હોવાનું છતાં વન વિભાગ દ્વારા કટીંગ ન કરાતાં ચોમાસામાં અનેક ઝાડ પડવાના બનાવો બને છે. ત્યારે કલેકટર દ્વારા આ બાબતે વન વિભાગના કર્મીઓની ફરજનું ભાન કરાવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# પાલનપુર-અમદાવાદ હાઈવે પરથી યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર

પાલનપુર, તા.૨૦

પાલનપુર-અમદવાદ હાઈવે ઉપરથી વહેલી સવારે એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.જેનીજાણ યુવકના પરીવારને થતા પોલીસને જાણ કરવામાં આવી હતી.જેથી પોલીસ ઘટના સ્થળેદોડી આવી મૃતદેહને પીએમ અર્થે પાલનપુર સિવિલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે પોલીસે ગુનોનોંધી મૃત્યુનું સાચુ કારણ જાણવાની તજવીજ હાથ ધરી છે.

ઉત્તરપ્રદેશના ૩૦ ઉપરાંતના મજુરો પાલનપુર-અમદાવાદ હાઈવે ઉપર આવેલ અલહાર ટેન્કરની વેલ્ડિંગની ફેક્ટરીમાં રહી ત્યાં મજુરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે.આ ફેક્ટરીમાં મજુરી કરતો કુરબાન શહીદ સેફી નામનો યુવક છેલ્લા બે દિવસથી ઘરેથી નીકળ્યા બાદ ઘરે પરત આવ્યો ન હતો.જેથી કુરબાનના પરીવારએ આ યુવકની શોધખોળ હાથ ધરી હતી.પરંતુ યુવકનો કોઈ પત્તોલાગ્યો ન હતો.ત્યારબાદ એક દિવસ પહેલા એસબીપુરાના પાટીયા પાસે નજીકથી યુવકનો મોબાઈલ તુટેલી હાલતમાં મળી આવ્યો હતો.જેથી યુવકના પરીવારએ તે જગ્યા ઉપર શોધખોળ હાથ ધરી હતી.પરંતુ



યુવકનો કોઈ પત્તોલાગ્યો ન હતો.ત્યારબાદ સોમવારે વહેલી સવારે આ યુવકનો મૃતદેહ એસબીપુરા નજીક ઈજાગ્રસ્ત હાલતમાં પડેલો હોવાની પરીવારને જાણ થઈ હતી.જેથી પરીવારના સભ્યોએ પોલીસને જાણ કરી હતી.જેના પગલે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.અને મૃતદેહને પાલનપુર સિવિલમાં પીએમ અર્થે ખસેડવામાં આવી હતી.આ અંગે યુવકના પરીવારના મહેબુબ સેફીએ જણાવ્યું હતુ કે બે એક દિવસ અગાઉ મોબાઈલ મળ્યો અને તેના બીજા દિવસે કુરબાનનો મૃતદેમ લજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો છે.જેથી કુરબાનની હત્યાકરી તેને ફેકી દેવામાં આવ્યો હોવાની શંકાઓ છે.જેથી આ અંગે પોલીસે ગુનો નોંધી યુવકની હત્યાથઈ છે.કે અકસ્માતમાં યુવકનું મોત થયુ છે.તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડાના ભુતાવડ ગામ પાસે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૨૦

ભિલોડાના ભુતાવડ ગામ પાસે રહેણાંક મકાન ઉપર સંતાડેલો વિદેશી દારૂ હેરાફેરી કરવા માટે કારમાં ભરતી વેળાએ વિદેશી દારૂ રૂા.૬૬,૬૦૦/- નો ઝડપાયો હતો. રૂા.૧,૬૬,૬૦૦/- નો કુલ મુદ્દામાલ વિદેશી દારૂ, કાર સહિત બે ઈસમો પોલીસ રેડ ઝડપાયા જ્યારે ત્રણ ઈસમો પલાયન થઈ ગયા હતા.

પરપ્રાંતિય વિદેશી દારૂ ગેરકાયદેસર રીતે લાવી પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ,બીયર ટીન પેટીઓ નંગ-૧૫,બીયર/બોટલ/ટીન કુલ નંગ-૧૫૬ કિંમત રૂા. ૬૬,૬૦૦/- નો મુદ્દામાલ રહેણાંક મકાન ઉપર ગેરકાયદેસર રીતે લાવી ટાટા ઈન્ડીકા કાર નંબર. જી.જે.૦૧. એચ.એમ. ૫૬૨૬ માં વિદેશી દારૂ પાંચ ઈસમો ભરતા હતા તે અરસામાં પોલીસ રેડ દરમ્યાન કાર અને વિદેશી દારૂનો જથ્થો પોલીસએ કબજે કર્યો હતો. પોલીસ રેડ દરમ્યાન ત્રણ ઈસમો પલાયન થઈ ગયા જ્યારે બે ઈસમો પોલીસના સંકજામાં આવી ગયા હતા. ભિલોડા પોલીસ સ્ટેશન એ.એસ.આઈ. કિર્તીકુમાર અસારીએ વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો (૧) રાહુલ રતીલાલ ભગોરા (૨) હરેશ ઉર્ફે લાલો રતીલાલ ભગોરા (૩) અજય રતીલાલ ભગોરા(ત્રણેય રહેવાસી. ભુતાવડ છાપરાં, તા.ભિલોડા) (૪) અજય રમેશભાઈ થેરીયાણી (૫) દિલીપ લાલચંદ ચાવલા બંન્ને રહેવાસી. કુબેરનગર, અમદાવાદ વિરૂધ્ધ પ્રોહિબીશન એકટ મુજબ ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

# મતગણતરીમાં ઉપસ્થિત રહેનાર ભાજપના એજન્ટો માટેનો મોડાસામાં અભ્યાસ વર્ગ યોજાયો

મોડાસા, તા. ૨૦

આગામી ૨૩મી મે ૨૦૧૯ના રોજ હિંમતનગર ખાતે પોલીટેકિનક કોલેજમાં હાથ



ધરાનાર સાબરકાંઠા લોકસભાની મતગણતરીમાં ઉપસ્થિત રહેનાર ભાજપના કાર્યકતા-એજન્ટો માટેનો આજરોજ મોડાસામાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં અભ્યાસ વર્ગ યોજાયો હતો.

આ અભ્યાસ વર્ગમાં ત્રણેય વિધાનસભા ક્ષેત્રોમાંથી મતગણતરી માટે જનારા કાર્યકર્તા એજન્ટોને જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે વિગતવાર માહિતી, સૂચનાઓ અને સાથે રાખવાના આધારો, નિમણૂક પત્ર, ઓળખપત્ર વગેરે અંગે માહિતગાર કરીને આવશ્યક તમામ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જેમાં દરેક વિધાનસભા દીઠ ગૃપમાં સવારે ૭ કલાકે પોલિટેકનીક હિંમતનગર ખાતે પહોચવા જણાવાયું હતું. આ માટે સંકલન કર્તા કાર્યકર્તાઓમાં બાયડ વિધાનસભા માટે ભુપતસિંહ સોલંકી, મોડાસા વિધાનસભા માટે અંકિતભાઈ પટેલ અબે ભીલોડા વિધાનસભા માટે ગજાનંદભાઈ પ્રજાપપતિનો સમાવેશ થાય છે. જેઓ દરેક એજન્ટોનું વિધાનસભા પ્રમાણે સંકલન કરશે.

એક વિધાનસભા દીઠ ૧૫ કાર્યકર્તાની મતગણતરી માટે નીમણુંક કરવામાં આવી છે. ચૂંટણીપંચના નિયમનું ચુસ્ત પાલન કરવા સહિતની સૂચનાઓ આપવામાં આવી હતી.

મતગણતરી શરૂ થતાં અગાઉ ઈવીએમ મશીનમાં સીલ ચેક કરવું તે પછી મશીન ઓન કરી ૧૭ સી.નું પત્રક મુકવામાં આવશે ત્યારે આ પત્રકમાં સમગ્ર મતદાનની મહિતી હશે. ઈવીએમ ઓન કરીને ઉમેદવારના નંબર પ્રમાણે મતદાનના આંકડા લખવા વગેરે બાબતોની કાળજી લેવા જણાવાયું હતું.

આ સંસદીય મત વિસ્તારમાં આવતા અરવલ્લી જિલ્લામાં અરવલ્લી ત્રણ વિધાનસભા ક્ષેત્રના બુથોની ૭૭ રાઉન્ડમાં મતગણતરી પૂર્ણ કરાશે. એક રાઉન્ડમાં ૧૪ બૂથની ગણતરી કરવામાં આવશે. આ તમામ સુચનાઓનું ચૂંટણીના નિયમોનુસાર ચુસ્ત પાલન કરવા ઊપર ભાર મૂકીને જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ એજન્ટો કાર્યકરોને આ અભ્યાસવર્ગમાં જરૂરી સૂચનાઓ આપી હતી. ત્રણેય વિધાનસભા વિસ્તારના મતગણતરી એજન્ટ તરીકે નિયુક્ત તમામ કાર્યકરો આ અભ્યાસ વર્ગમાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર આર.પી.એફ.નો કોન્સ્ટેબલ લાંચ લેતા ઝડપાયો

**ડમ્પરથી રેલવે ફાટકના થાંભલાને થયેલા નુકશાન અંગે ફરિયાદ દાખલ ન કરવા લાંચ માંગી**

પાલનપુર, તા.૨૦

પાલનપુર રેલવે પોલીસનો કોન્સ્ટેબલ રવિવારે એસીબીના હાથે રૂપિયા ૨૦,૦૦૦ની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો. જેણે કોન્ટ્રાક્ટર દ્વારા કપચી ભરેલા ડમ્પરથી રેલવે ફાટકના થાંભલાને થયેલા નુકશાન અંગે ફરિયાદ દાખલ ન કરવા લાંચ માંગી હતી.

પાલનપુર આરપીએફ પોલીસબેડામાં ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે, ફરીયાદી રેલ્વે માં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા હોઈ તેઓના કપચી ભરેલા ડમ્પર થી મોટા રેલ્વે ફાટક ના વીજ પોલ ને ડમ્પર રીવર્સ લેતા થોડુ નુકશાન થયુ હતું.આથી શબ્બીરઅલી અકબર અલી મેઠા કોન્સટેબલ આર.પી.એફ,વર્ગ - ૩ પાલનપુરએ કોન્ટ્રાકટર નો કોન્ટેકટ કરી કહેલ કે તમારી ઉપર



ફરીયાદ દાખલ થશે. અને ફરીયાદ ના દાખલ કરાવવી હોય તો તમારે વ્યવહાર કરવો પડશે એમ કહી રૂપીયા ૫૦,૦૦૦ની લાંચની માંગણી કરેલી હતી. જેમાં રકઝક કરતાં રૂપીયા ૨૦,૦૦૦આપવાનુ નકકી કરેલુ હતું. જોકે, કોન્ટ્રાકટર આ લાંચની રકમ ફરીયાદી આપવા ના માંગતા હોઈ

એ.સી બી.નો સંપર્ક કર્યો હતો. આથી બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલે ટીમ સાથે એ છટકા નું આયોજન કર્યું હતું. જ્યાં પાલનપુર અમનપાર્ક સોસાયટીમાં લાંચની રકમ રૂપિયા ૨૦,૦૦૦ સ્વીકારતી વખતે શબ્બીરઅલી અકબર અલી મેઠાને રંગે હાથ ઝડપી લીધો હતો.જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સુપરવિઝન અધિકારી કે. એચ. ગોહીલ, મદદનીશ નિયામક, એ.સી.બી. બોર્ડર એકમ ભુજના માર્ગદર્શન હેઠળ કે.જે.પટેલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# એન્જીનીયરીંગ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે તત્વ કોલેજ-મોડાસા ખાતે મફત હેલ્પ સેન્ટર

તત્વ એન્જીનીયરીંગ કોલેજ મોડાસા ખાતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (એ ગ્રુપ) પછી ડીગ્રી એન્જીનીયરીંગ અને ધોરણ-૧૦ પછી ડીપ્લોમા એન્જીનીયરીંગ તેમજ ડીપ્લોમાંથી ડીગ્રી (સીધા બીજા વર્ષમાં) અને આઈટીઆઈથી ડીપ્લોમાં (સીધા બીજા વર્ષમાં)ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે અત્રેની સંસ્થા ખાતે ચાલુ વર્ષે પણ સરકાર માન્ય એસીપીસી અને એસીપીડીસી મફત હેલ્પ સેન્ટરની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે તો તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રવેશ પ્રક્રિયા માટે જરુરી માર્ગદર્શન તેમજ હેલ્પ સેન્ટરનો લાભ લેવા તેમજ સંસ્થા ખાતે એન્જીનીયરીંગની વિવિધ શાખાઓની મહ્ત્વતા તેમજ વર્તમાન યુગમાં ઈજનેરી અભ્યાસની ઉપયોગીતા વિશે પણ જાણકારી આપવામાં આવનાર હોઈ વધુમાં વધુ વિદ્યાર્થીઓ સદર હેલ્પ સેન્ટરની મદદ લે તેવી અપીલ સંસ્થાના કેમ્પસ ડાયરેકટર જયદત્તસિંહ પુવારે કરેલ છે.

# ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના ગેરકાયદેસર ઠરાવના વિરોધ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ રજુઆત

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામની ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના અંદાજપત્રના અવલોકન માટે મોકલાવેલ ગેરકાયદેસર ઠરાવના વિરોધ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ લેખિત ધારદાર રજુઆત કરાઈ છે.ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયત સભ્ય હિતેશભાઈ સુરજીભાઈ નિનામા સહિત જાગૃત સભ્યો, ગ્રામજનો એ જણાવ્યું હતું કે ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતનું અંદાજપત્ર(બજેટ) તા.૩૧/૩/૨૦૧૯ સુધીમાં મંજુર કરવાનું હોય છે. અંદાજપત્ર સમયસર મંજુર ન થાય તો જે તે ગ્રામ પંચાયત સુપરસીડ થાય તેવી કાયદાકીય જોગવાઈ હોવાથી તાલુકા વિકાસ અધિકારીએ જીલ્લા વિકાસ અધિકારીને ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયત સુપરસીડ કરવા ભલામણ કરેલ છે આ ભલામણ જીલ્લા વિકાસ અધિકારીએ લેખિતમાં જાણ વિકાસ કમીશનર, ગાંધીનગર, ગુજરાત રાજ્યને કરેલ છે ત્યાર બાદ ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચે સત્તા અને હોદ્દાનો દુરઉપયોગ કરીને આચાર સંહિતા અમલમાં હોવા છતાં એજન્ડા તા.૯/૫/૨૦૧૯ ના રોજ કાઢી તા.૧૬/૫/૨૦૧૯ ના રોજ સામાન્ય સભા બોલાવેલ હતી પરંતુ ગ્રામ પંચાયતના જાગૃત સભ્યોએ વિરોધ કર્યો હતો. સામાન્ય સભા અગાઉ તા.૨૬/૧૨/૨૦૧૮ ના રોજ ના ઠરાવ નંબર.૪ થી પંચાયતના અંદાજપત્રના અવલોકન બાબતનો ઠરાવ તાલુકા વિકાસ અધિકારીને મોકલાવેલ હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે તા.૨૬/૧૨/૨૦૧૮ ના રોજ બોલાવેલ સામાન્ય સભાના એજન્ડા નંબર.૪ માં મકાન ટ્રાન્સફર અરજી બાબતનો મુદ્દો લખાવેલ છે જ્યારે ઠરાવ બુકમાં ઠરાવ નંબર.૪ માં વિકાસના કામો બાબતની ચર્ચા વિચારણાનો ઠરાવ લખવામાં આવેલ છે. તા.૨૬/૧૨/૨૦૧૮ ની સામાન્ય સભામાં સને.૨૦૧૯-૨૦ ના ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના અંદાજપત્ર (બજેટ) અંગેનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે સભા દરમ્યાન કોઈ ચર્ચા વિચારણા કરેલ નથી કે અંદાજપત્ર વંચાણે લેવામાં આવેલ નથી કે કોઈ મંજુરી પણ લેવામાં આવેલ નથી કે આવો કોઈ પત્ર અવલોકનમાં લીધેલ નથી તેમ છતાં સરપંચે સત્તા અને હોદ્દાનો દુરઉપયોગ કરી ખોટા સહી સિક્કા કરી રેકર્ડ સાથે ચેંડા કર્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના અંદાજપત્રના અવલોકન માટે મોકલાવેલ ગેરકાયદેસર ઠરાવના વિરોધ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ વિકાસ કમીનશનર, ગાંધીનગર, ગુજરાત રાજ્ય, જીલ્લા વિકાસ અધિકારી, અરવલ્લી, તાલુકા વિકાસ અધિકારી,ભિલોડાને લેખિત ધારદાર રજુઆત કરાઈ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.